| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૩/૦૬/૨૦૨૨ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૦૪૯/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૨/૦૬/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૧ | ૩,૩૫,૭૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન

## પ્રોહિબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

આગામી રથયાત્રાના તહેવાર અનુસંધાને મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર પો.સ્ટે. વિસ્તારમાં ખુબ જ મોટા જથ્થામાં ભારતીય બનાવટનો પરપ્રાંતનો વિદેશી દારૂની હેરાફેરી તેમજ વેચાણના ગુનામાં પકડાયેલ આરોપી નામે સતીષ ઉર્ફે શિવા નેમીચંદ કાલુજી જાતે દાયમા(ખટીક) ઉ.વ.૨૮ રહે.મોહન દલપતની ચાલી, ગોમતીપુર પોલીસ હેડ ક્વાર્ટ્સની બાજુમાં, કામદાર મેદાન, ગોમતીપુર, અમદાવાદ શહેર મુળ વતન ગામ-બોરાવર તા.જી.નાગૌર રાજસ્થાન નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતે ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં.૧૧૧૯1033૨૨૦૨૯૮/૨૦૨૨ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૫(ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબનો ગુનો નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૫૫૦/૨૦૨૨ તા.૧૦/૦૬/૨૦૨૨ થી પાસા અટકાયત તરીકે "ખાસ જેલ-પાલારા ભુજ" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી અટકાયતી ઈસમને આજરોજ તા.૧૨/૦૬/૨૦૨૨ ના કલાક ૧૩/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "ખાસ જેલ-પાલારા ભુજ" ખાતે મોકલી આપેલ છે. તા.૧૨/૦૬/૨૦૨૨

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ. આર.ડી.જાડેજા

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



## ગુજરાત યુનિવર્સીટી પોલીસ

## મિલ્કત સબંધી પાસા અટકાયતીની ધરપકડ કરતી ગુજરાત યુનિવર્સીટી પોલીસ

(૧) સોલા હાઇકોર્ટ પો.સ્ટે પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૫૨૨૦૬૪૫/૨૨ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબ તથા (૨) ગુજ યુનિ પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૭૨૨૦૩૫૮/૨૨ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબના મિલકત સબંધી ગુનાઓમાં પકડાયેલ આરોપી ચેતન વિષ્ણુપ્રસાદ લુહાર ઉ.વ.૩૦ ધંધો- નોકરી રહે. ૧૨૮, ભાવના રો હાઉસ જી.એસ.ટી. ફાટક પાસે રાણીપ અમદાવાદ શહેર નાઓના ગુનાહિત ઇતિહાસની ઇ-ગુજ કોપ ડેસ્કટોપ આધારે તપાસ કરી તેમજ આ કામનો આરોપી મિલ્કત સબંધી ગુનાઓ કરવાની ટેવવાળો હોય આરોપીની આવી પ્રવૃત્તિ જી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય આરોપીની આવી પ્રવુતી તાત્કાલીક અંકુશમાં લેવી જરુરી હોય જેથી જરુરી દસ્તાવેજી પુરાવાઓ એકત્રીત કરી સમયમર્યાદામાં આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે મોકલી આપતાં મે.પોલીસ કમિશ્નર સા.શ્રી નાઓના કચેરીના ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૫૫૩/૨૦૨૨ તા.૧૧/૦૬/૨૦૨૨ થી પાસા હુકમ મેળવી તા:૧૧/૦૬/૨૦૨૨ ના કલાક ૨૦/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને જરુરી પોલીસ જાપ્તા સાથે રાજકોટ જેલ ખાતે અટકાયતમાં રહેવા સારુ મોકલી આપેલ છે. તા:૧૨/૦૬/૨૦૨૨

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ

(૧) પો.ઇન્સ. વી.જે.જાડેજા
(૨) અ.હે.કો કનુભાઈ નાગજીભાઈ બ.નં.૬૮૫૮
(૩) અ.હે.કો. પ્રહલાદસિંહ રણુભા બ.નં.૪૦૬૩
(૪) પો.કો. અનિલકુમાર હિંમતલાલ બનં.૩૬૫૪
(૫) પો.કો. અનિલકુમાર ઇશ્વરભાઇ બ.નં.923



**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૫૦/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૯ કેસ કરી, ૫૫ વ્યક્તિઓને ઝડપી, ૫૩ લીટર દેશી દારૂ, ૩૬૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૭૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૭૨ બિયર ટીન, ૧ રિક્ષા,૧ કાર, ૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૩૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૮,૨૮૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૫૧/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી. ૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૫૨/૨૦૨૨</u>**

**ગુજરાત યુનિવર્સિટીઃ** નલીનભાઈ અજીતભાઈ પટેલ (ઉ.વ.૬૫) (રહે. અભિયાન એપાર્ટમેન્ટ સેંટ ઝેવિયર્સ લોયલા સ્કુલ પાછળ નારણપુરા) એ તા.૧૨/૦૬/૨૦૨૨ ના રોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૫/૨૦૨૨ ના રોજ મોબાઈલ નંબર ૯૩૩૯૩૬૪૧૮૨ ના ધારકે નલીનભાઈ પટેલના મોબાઈલ ઉપર વોડાફોન સીમનુ કેવાયસી અપડેટ કરવાનો મેસેજ કરતા નલીનભાઈ પટેલે સંપર્ક કરતા મોબાઈલ નંબર ૯૩૩૯૩૬૪૧૮૨ ના ધારકે રાજેન્દ્ર શુક્લ નામની ઓળખ આપી કેવાયસી અપડેટ કરવાની પ્રોસેસ કરાવી પ્લે સ્ટોરમાંથી એપ્લીકેશન ડાઉનલોડ કરાવી ક્રેડીટકાર્ડની વિગત સબમીટ કરાવી બેંકની માહીતી મેળવી લઈ કુલ રૂપિયા ૨,૪૮,૮૧૯/- ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.જે.જાડેજા ચલાવે છે.

**<u>લુંટની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૫૩/૨૦૨૨</u>**

**રાણીપઃ** નિરજ સ/ઓ શ્રી રઘુવીર દ્રીવેદી (ઉ.વ ૨૬) (રહે.હાથીખાના સ્વામિનારાયણ સોસાયટીની બાજુમાં ગીરધરનગર શાહીબાગ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૬/૨૦૨૨ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે સુભાષબ્રીજ એ.એમ.ટી.એસ બસ સ્ટેશન આગળ ઓટો રીક્ષા નંબર જીજે ૦૧ ટીબી ૧૪૭૭ માં આવેલ બે પુરૂષોએ નિરજભાઈને ગડદા પાટુનો માર મારી ખીસામાંથી રોકડ રૂપિયા ૮૦૦૦/- કાઢી લઈ તેમજ ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૭૦,૦૦૦/- લુંટ કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એસ.ગોહિલ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૫૪/૨૦૨૨</u>**

**રખીયાલઃ** સુર્યાબા વા/ઓ ભાઉભા સોલંકી (ઉ.વ.૨૯) (રહે.ગામ-કુકવાઇ તા.દેત્રોજ જી.અમદાવાદ) એ તા.૧૨/૦૬/૨૦૨૨ ના રોજ રખીયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૬/૨૦૨૨ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે સુર્યાબા સોલંકી તેમજ તેમની માતા શટલ ઓટો રિક્ષામાં બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે રિક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ અન્ય સ્ત્રી-પુરૂષે સુર્યાબા સોલંકી તેમજ તેમની માતાની નજર ચુકવી બેગમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૮,૫૦૦/- ચોરી કરી લઈ રીક્ષાનો ક્લચ વાયર ટુટી ગયેલ છે તેમ કહી રખિયાલ અજીત મીલ ચાર રસ્તા પાસે બ્રાઇટ ટેલર્સ સામે સીટી પોઇંટ હોટલ આગળ સુર્યાબા સોલંકી તેમજ તેમની માતાને રીક્ષામાંથી ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.વી.ભાટીયા ચલાવે છે.

**કારંજઃ** જયોતિબહેન વા/ઓ ભરતભાઈ પારધી (ઉ.વ.૨૭) (રહે. શેરી નંબર-૯ મામાની ડેરી ગામ-રતનપર તા-વઢવાણ જી-સુરેન્દ્રનગર) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૬/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે લાલદરવાજા ભદ્રકાળી મંદીર પાસે પ્રેમાભાઈ હોલ નજીક જયોતિબહેનના મોટા પર્સને કાપી તેમાથી નાનુ પર્સ અજાણી વ્યક્તિએ ચોરી કરી લીધી હતી. જે પર્સમાં સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.ડી.પટેલ ચલાવે છે.

**<u>થેલો ઝુટવી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૫૫/૨૦૨૨</u>**

**દાણીલીમડાઃ** યશ સ/ઓ કમલેશભાઇ શાહ (ઉ.વ ૨૦) (રહે.દેવાંશ ફ્લેટ વાસાણા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૬/૨૦૨૨ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે દાણીલીમડા ગુલાબનગર કચરાના ઢગલા નજીક કાળા રંગના મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ યશ શાહના હાથમાંથી થેલો ખેંચી ઝુટવી લઈ નાસી ગયા હતા. જે થેલામાં સોનાના દાગીના કિમત રૂપિયા ૭૯,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૯,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી.ગોહીલ ચલાવે છે.

**<u>ત્યજી દીધેલ મૃત શિશુ મળી આવવા બાબતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૫૬/૨૦૨૨</u>**

**કૃષ્ણનગરઃ** તા.૧૨/૦૬/૨૦૨૨ કલાક ૧૨/૪૫ વાગ્યાના સુમારે નવયુગ કેનાલ પાસે આવેલ પાર્થ એવન્યુ સોસાયટીની બાજુમાં આવેલ ખુલ્લા મેદાનમાંથી ત્યજી દીધેલ મૃત શિશુ મળી આવતા કૃષ્ણનગર પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ હે.કો.શ્રી હીતેશકુમાર જેસંગભાઈ ચલાવે છે.

**ડુબી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૫૭/૨૦૨૨**

**રિવરફ્રંટ વેસ્ટઃ** આકાશ સ/ઓ ગોવિંદભાઈ દંતાણી (ઉ.વ.૧૭) (રહે. ગણેશનગરના છાપરાં હરીની હોટલ સામે પીરાણા રોડ દાણીલીમડા) તા.૧૨/૦૬/૨૦૨૨ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે દાણીલીમડા રામરહીમ ટેકરા પાછળ વોક-વે ઘાટ નં-૧૫ નજીક નદીમાં નહાવા જતા તરતા આવડતું ન હોય ડુબી જતા તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ મનજીભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૫૮/૨૦૨૨**

**શહેરકોટડાઃ** વિનોદ નરેશભાઇ સેંગલ (ઉ.વ.૪૨) (રહે. સેવાનાથની ચાલી ઇંટવાડા સરસપુર) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૬/૨૦૨૨ સવારના ૮/૦૦ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણભાઇ શકરાભાઇ ચલાવે છે.

**રામોલઃ** રમેશભાઈ રામઅવતાર દિવાકર (ઉ.વ.૪૫) (રહે. હરિદર્શન સોસાયટી અજય ટેનામેન્ટ-૫ પાસે વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૬/૨૦૨૨ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદેવ લાભુભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.